


માસી, આ મહિલા ચેસ ટુર્નામેન્ટ રમાડીને પુરુષોએ એ તો સ્વીકાર્યું કે આપણામાંય બુદ્ધિ કંઈ કમ નથી !

# સ્વામિ યોગાનંદ વિદ્યાલયમાં મહેંદી સ્પર્ધા યોજવામાં આવી



ગાંધીનગર, તા. ૨૭

શ્રી સ્વામિ યોગાનંદ હાઈસ્કૂલ જીઈબી ખાતે ધોરણ-૫ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ધોરણ-૧૦માં સેજલ નાયક, શીતલ પટેલ; ધોરણ-૯માં નઝરાના પઠાણ, પ્રિતી વાઘેલા, દરજી નિશા અને નઝીરા પઠાણ અનુક્રમે વિજેતા બન્યા હતા. ભાઈઓમાં વિજય રાવળ, ઉમેદ પરમાર, જિતેન્દ્ર યાદવ અનુક્રમે વિજેતા બન્યા હતા. નિર્ણાયક તરીકે મંજુલાબેન પટેલ, મિત્તલબેન પટેલ તથા વી એમ પટેલે સેવાઓ પુરી પાડી હતી.

કાર્યક્રમનું સંચાલન અને વ્યવસ્થા હર્ષદરાય ઉપાધ્યાયે સંભાળી હતી. આચાર્ય ગોવિંદભાઈ નસીતે માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

## અધ્યાપક મંડળના પડતર માગણીઓના મુદ્દે દેખાવ

અમદાવાદ, તા. ૨૭

ગુજરાતમાં આવેલી સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોના અધ્યાપકોએ પોતાની પડતર માંગણીઓને લઈને આજે ગુજરાત યુનિવર્સિટી ખાતે અધ્યાપક મંડળ દ્વારા દેખાવ કરવામાં આવ્યા હતા. આજે સાંજ ગુજ.યુનિ. ખાતે અધ્યાપક મંડળે રાજ્ય સરકાર અને શિક્ષણ મંત્રી વિરૂધ્ધ દેખાવ અને સૂત્રોચ્ચાર કર્યા હતા. મંડળે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર યુજીસીના નિયમ મૂજબ અધ્યાપકોને વર્ષ ૨૦૦૬ થી એરિયર્સની ચૂકવણી કરી નથી.

આહીર યુવા ફોરમ, ગાંધીનગર દ્વારા

# આહીર સમાજના તેજસ્વી તારલાઓનો ૧૪મો સન્માન-સ્નેહમિલન સમારંભ યોજાયો



ગાંધીનગર, તા. ૨૭

પાટનગરમાં ૧૪ વર્ષથી સતત કાર્યરત સંસ્થા આહીર યુવા ફોરમ, ગાંધીનગર દ્વારા આહીર સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ તા. ૨૬ ઓગષ્ટના રોજ ટાઉન હોલ, ગાંધીનગર ખાતે ભવ્ય રીતે યોજાઈ ગયો. જેમાં આહીર સમાજના ધો.૧ થી ૧૨, કોલેજ-યુનિ. તથા વિશિષ્ટ સિધ્ધિ મેળવેલા ૪૫ વિદ્યાર્થી ભાઈ-બહેનોનું શિલ્ડ-પારીતોષિક તથા પ્રોત્સાહક ઈનામો આપીને સન્માન કરાયુ હતું.

આ કાર્યક્રમના મુખ્ય દાતાશ્રી નગાભાઈ ભાટીયા, શ્રી અરસીભાઈ ભાટીયા, ભા.જ.પ.ના મહીલા મોરચાના અગ્રણી નેતા શ્રીમતી નિરૂપમાબેન કાંબલિયા, શ્રીમતી જયોતિબેન ભારવાડીયા, શ્રીમતી હ"ર્ાબેન આહીર, શ્રીમતી મણીબેન સોલંકી, નાયબ સચિવ શ્રી આનંદભાઈ ઝીઝાલા, શ્રી રામભાઈ ચોચા, શ્રી ભૂપતભાઈ કાંબલિયા, શ્રી નીતીનભાઈ ભાટીયા, શ્રી જેન્તીભાઈ આંબલિયા, શ્રી રમેશભાઈ ડાંગર, અમદાવાદ આહીર સમાજના મંત્રીશ્રી અશોકભાઈ પરડવા, અમદાવાદ આહીર યુવક મંડળના "મુખશ્રી સી.આર.લાડુમોર તથા ગાંધીનગરના અન્ય આગેવાનો ઉપસ્થિત રહયા હતાં. આ પ્રસંગે શ્રી જોધાભાઈ આહીર, નાયબ પૂરવઠા નિયામક તથા અન્ય અધિકારીઓનું નિવૃત્તિ સન્માન કરાયું હતું. આ ઉપરાંત સચિવાલય સેવામાં બઢતી પામેલાં સર્વશ્રી દેવાયતભાઈ ભમ્મર, ઉપસચિવશ્રી, શ્રી એમ.જી.બંધિયા, સેકશન અધિકારીશ્રી, શ્રી એન.એન.મારૂ ઉપરાંત નવી નિમણુંક પામેલા સમાજના અધિકારીઓનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે નાના બાળકોએ અદભુત ડાન્સ, વિવિધ ગીતો, સ્પીચ તથા નાટક વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરીને સૌને તેઓની બાળ પ્રતિભાથી પ્રભાવિત કર્યા હતાં. અંતમાં સર્વે સભ્યો તથા મહાનુભાવો પરિવાર સહીત ભોજનનો આસ્વાદ માણી છુટા પડ્યા હતાં. સમારંભને સફળ બનાવવા માટે યુવા ટીમના સભ્ય માલદેભાઈ બંધિયા તેમજ પરબતભાઈ ધુવા સહીત આહીર યુવા ફોરમ ટીમના સર્વે સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# યુનિવર્સિટી સત્તાવાળાઓની ભૂલને કારણે વિદ્યાર્થીઓને સરકારી કૉલેજમાં પ્રવેશ ન મળ્યો

## ભૂલ ધ્યનમાં આવતા તાત્કાલિક નવો પરિપત્ર જારી કરાયો

અમદાવાદ, તા. ૨૭

ગુજરાત યુનિવર્સિટી સત્તાવાળાઓની ભૂલને કારણે એફવાય બીકોમમાં સરકારી કોમર્સ કોલેજમાં ભણવા ઈચ્છતા વિદ્યાર્થીઓને ચાલુવર્ષે ન છૂટકે ખાનગી કોલેજમાં પ્રવેશ લેવો પડ્યો હતો. જોકે યુનિવર્સિટી સતાવાળાઓને ભૂલ ધ્યાનમાં આવતા તેમણે તાત્કાલીક નવો પરિપત્ર કર્યો હતો. પરંતુ તેનો લાભ વિદ્યાર્થીઓ લઈ શક્યા ન હતા.

ગુજ.યુનિ.એ ચાલુવર્ષે એફવાયબીકોમમાં પ્રવેશ સમસ્યા સર્જાતા સરકારી અને ગ્રાન્ટેડ કોમર્સ કોલેજમાં સીટો વધારવા મૌખીક મંજૂર આપી હતી. જેમાં યુનિવર્સિટી સંલગ્ન એલિસબ્રિજ વિસ્તારમાં આવેલી ગુજરાત કોમર્સ સવારની કોલેજમાં વધારેલી સીટો ઉપર ફક્ત છોકરીઓને જ પ્રવેશ આપવા આદેશ કર્યો હતો. દરમિયાન પ્રવેશ લેવા આવનાર વિદ્યાથીઓને આચાર્ય પરીન પટેલ યુનિવર્સિટીના મૈખીક આદેશ અંગે જાણ કરી પ્રવેશ આપતા ન હતા.

જેના પગલે વિદ્યાર્થીઓમાં રોષની લાગણી ફેલાઈ ગઈ હતી. વિદ્યાર્થીઓને ન છૂટકે પોતાના ઘરથી લાંબા અંતરની કોલેજમાં તેમજ ખાનગી કોલેજમાં પ્રવેશ લેવાની ફરજ પડી હતી. બીજીબાજુ કોલેજમાં પ્રવેશ લેવા માટે ગણતરીની વિદ્યાર્થીનીઓ જ આવી હતી. જેના કારણે ઘણી બેઠકો ખાલી રહી હતી. દરમિયાન આ અંગે ધ્યાન દોરવામાં આવતા કુલપતિએ મૌખિક આદેશ પરત ખેંચી લીધો હતો. જોકે આદેશ મોંડો થતાં ઘણા વિદ્યાર્થીઓએ ન છુટકે ખાનગી કોલેજમાં પ્રવેશ લઈ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છેકે ગુજરાત કોલેજ સરકારી કોલેજ હોવાથી નોકરી કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ સવારની પાલીમાં અભ્યાસ કરવાનું પસંદ કરે છે. જેના પગણે ગુજરાત કોલેજમાં એફવાય બીકોમમાં પ્રવેશ માટે વધુ રસ રહે છે.

યુગનાયક સ્વામી વિવેકાનંદ
- રજનીકાંત ભટ્ટ

# ભારતની લાક્ષણિકતાઓ - ૨

॥ એકવીસમો મણકો ॥



ભારતીય વિચારધારાની વિશેષતા છે તેની નીરવતા, તેની શાંતિ. આ વિચારધારાની પાછળ રહેલી પ્રચંડ શક્તિ હિંસા દ્વારા કદી પણ વ્યક્ત થઈ નથી. ભારતના રાષ્ટ્રીય જીવનમાં એક પણ સમય એવો આવ્યો નથી કે જ્યારે દુનયાને હચમચાવી મૂકે તેવી આધ્યાત્મિક શક્તિવાળા મહાન પુરુષોનો અભાવ દેખાયો હોય. પશ્ચિમની લગભગ રગદોળાઈ ગયેલી, અધમૂઈ થઈ ચૂકેલી અને રાજકીય મહેચ્છાઓ તથા સામાજિક ષડયંત્રો વડે અધ:પતન પામેલી બીજી પ્રજાઓમાં નવું જીવન અને નવી પ્રાણશક્તિ પૂરવાને માટે જેમણે ઊભરાઈ જઈને જગતને જળમય બનાવી દેવું પડશે તે ધર્મ અને આધ્યાત્મિકતાનાં ઝરણાં હજીયે આ ભૂમિમાં છે.

શું ભારત મરી જશે ? તો પછી સમગ્ર જગતમાંથી બધી આધ્યાત્મિકતા મરી પરવારશે, બધી નૈતિકપરિપૂર્ણતા લુપ્ત થઈ જશે, ધર્મ માટેની સઘળી મધુરતા, આત્મીયતા મરી જશે. બધા ઉચ્ચ આદર્શો મૃત્યુ પામશે અને તેના સ્થાને વિષય-લાલસા અને વિલાસના જોડારૂપ પુરુષ અને સ્ત્રી દેવતા તરીકે રાજ કરશે. પુરોહિતને સ્થાને ધન બેસશે અને માનવ આત્માનું બલિદાન આપશે.

એવા અનેક લોકો હશે જેમના મગજ પાશ્ચાત્ય વિલાસપૂર્ણ આદર્શોથી ભમી ગયા હોય, એવા લાખો હશે જેમણે પશ્ચિમમાંથી આવેલા આ શાપરૂપી ઈન્દ્રિયસુખની મદિરા ખૂબ ઢીંચી હોય, છતાં મારી આ જન્મભૂમિમાં બીજા હજારો એવાય નીકળી આવશે જેમને મન ધર્મ એ જીવંત વાસ્તવિકતા હશે અને જરૂર પડ્યે જેઓ લાભાલાભની ગણતરી કર્યા વિના ત્યાગ કરવા માટે તૈયાર હશે.

સમગ્ર માનવજાતને આધ્યાત્મિક કક્ષાએ પહોંચાડવી એ ભારતનું જીવનકાર્ય છે. તેની શાશ્વતતાનું આ હાર્દ છે. ભારતીય જીવનનનો પાયો આ છે. આ છે તેનતા અસ્તિત્વની કરોડરજ્જુ. ભલે તેના પર તાર્તરો, તુર્કો, મોગલો કે અંગ્રેજો શાસન ચલાવી ગયા, છતાં પોતાના આ જીવનક્રમમાંથી તે કદીયે ચલિત થયેલ નથી.

અમારી કાર્યપદ્ધતિ સાવ સરળ છે. તેનું કાર્ય રાષ્ટ્રીય જીવનને પુન:સ્થાપિત કરવાનું છે... રહસ્ય અહીં રહેલું છે, ભારતનો રાષ્ટ્રીય આદર્શ છે. 'ત્યાગ અને સેવા' એ દિશામાં એને વધુ પ્રબળ બનાવવો એટલે બીજું બધું એની મેળે ઠીક થઈ જશે. આ દેશમાં આધ્યાત્મિકતાના ધ્વજને ઊંચો ચડાવો, એકમાત્ર તેમાં જ ઉદ્ધાર છે.

આપણી આ પવિત્ર માતૃભૂમિ ધર્મ અને તત્ત્વજ્ઞાનની ભૂમિ છે, ત્યાગ અને બલિદાનની ભૂમિ છે, ધર્મવીરની જનની છે. આ સ્થળે કેવળ આ જ સ્થળે જીવનના સર્વોચ્ચ આદર્શોનો માર્ગ અત્યંત પ્રાચીન સમયથી આજ સુધી માનવી સમક્ષ હરહંમેશ ખુલ્લો રહ્યો છે.

આ અમર ભૂમિ ભારત દર્શન શાસ્ત્રની, આધ્યાત્મિકતાની, નીતિધર્મની મધુરતા, મૃદુતા અને પ્રેમની જનની છે. (અપૂર્ણ)

# ઈન્ફોસીટી જુનિયર સાન્યસ કોલેજમાં તાલુકા કક્ષાનો સન્માન સમારંભ યોજાયો





ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર તાલુકા આચાર્ય સંઘ દ્વારા તાજેતરમાં સરગાસણ ગામે આવેલી ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં તાલુકા કક્ષાનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો.

તાલુકાના તેજસ્વી તારલાઓને બિરદાવવાનો અને નિવૃત્ત તેમજ નવનિયુક્ત આચાર્યોને સન્માનવાનો કાર્યક્રમ ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ, સરગાસણ મુકામે સંસ્થાના ચેરમેન વી.વી. વૈષ્ણવની અધ્યક્ષતામાં યોજાયો હતો. સદર કાર્યક્રમમાં તાલુકાના તેજસ્વી તારલાઓને આમંત્રિત મહેમાનોના હસ્તે શિલ્ડ અર્પણ કરવામાં આવ્યા હતા અને નવનિયુક્ત આચાર્યોને આવકારવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી એમ.કે. દલસાણિયા તેમજ અતિથિ વિશેષ તરીકે સંસ્થાના આચાર્ય અને ટ્રસ્ટી પ્રદીપ ગગલાણી, વાવોલ ગામના સરપંચ કમલેશસિંહ ગોલ તથા ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ મનસુખભાઈ પટેલ ખાસ હાજર રહ્યા હતા અને પ્રાસંગિક વ્યક્તવ્ય આપ્યું હતું. તથા અમૂલ્ય સમય ફાળવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# એચકે આર્ટ્સમાં કોમ્પ્યુટર ફીના પ્રશ્ને જોરદાર દેખાવો

અમદાવાદ, તા. ૨૭

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એચ.કે.આર્ટ્સ કોલેજમાં વોકેશનલ કોર્સ અંતગર્ત કોમ્પ્યુટરની રૂપિયા વાર્ષિક ૧૫૦૦ ફી લેવામાં આવે છે. જે નિયમ વરૂધ્ધ હોવાનું ધ્યાનમાં આવતાં આજે સવારે કોલેજમાં એનએસયુઆઇના વાર્ષિક ૫૦૦ જેટલા કાર્યકરોએ દેખાવ કર્યા હતા અને ત્યારબાદ પૂરાવા સાથે કુલપતિને પણ રજૂઆત કરી હતી. કુલપતિએ આ મુદ્દે આર્ટસના ડીનને તપાસ સોંપી છે. શહેરના આશ્રમ રોડ પર આવેલી એચ.કે.આર્ટ્સ કોલેજમાં એફવાય બીએ થી લઈ ટીવાય બીએમાં અંદાજે ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. કોલેજ દ્વારા ચલાવવાતા વોકેશનલ કોર્સ અંતગર્ત કોમ્પ્યુટરની વાર્ષિક રૂપિયા ૧૫૦૦ ફી લેવામાં આવે છે. જોકે અન્ય કોલેજમાં યુનિવર્સિટીના નિયમ મૂજબ કોમ્પ્યુટરની વાર્ષિક રૂપિયા ૫૦૦ ફી લેવામાં આવે છે. આ બાબત ધ્યાનમાં આવતાં વિદ્યાર્થીઓમાં રોષની લાગણી ફેલાઈ ગઈ હતી. દરમિયાન આજે સવારે એનએસયુઆઇના ૫૦૦ જેટલા કાર્યકરોએ કોલેજના આચાર્ય સુભાષબ્રહ્મભટ્ટ સમક્ષ રજૂઆત કરી ફી પરત કરવાં માંગણી કરી હતી. જોકે આચાર્ય સુભાષભાઈએ ફી યુનિવર્સિટીના નિયમ મૂજબ લેવાતી હોવાનો ખૂલાસો કરી કાર્યકરોને સમજાવી રવાના કર્યા હતા. દરમિયાન વિદ્યાર્થીઓએ ગુજ.યુનિ.ના કુલપતિ ડો.મુકુલ શાહને રજૂઆત કરી હતી. કુલપતિએ રજૂઆત બાદ આચાર્ય સુભાષ બ્રહ્મભટ્ટને બોલાવી આ અંગે ખૂલાસો માંગતા તેમણે જણાવ્યું હતું કે આ ફી વર્ષ ૧૯૯૭ થી લેવાય છે.

# તામિલનાડુના વિદ્યાર્થીઓ ગુજરાતથી ખૂબ પ્રભાવિત



ગાંધીનગર, તા. ૨૭

ચેન્નાઈની સિંધિ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સના વિદ્યાર્થીઓ ગુજરાતની મુલાકાતે આવ્યા છે. આજે તેઓએ ગાંધીનગરની મુલાકાત લઈ ગુજરાતની સંસ્કૃતિ અંગે જાણવાનો પ્રયાસ કર્યો હતો. સિંધિ કોલેજના સોશ્યલ સાયન્સ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ ગુજરાત અને રાજસ્થાનના પ્રવાસે આવ્યા છે. આજે તેઓએ ગાંધીનગરની મુલાકાત દરમિયાન રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીની મુલાકાત લીધી હતી. ત્યારબાદ વિધાનસભાની મુલાકાત લીધી હતી. ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રીશ્રી કૃષ્ણકાન્ત જ્હા સાથે યોજાયેલી બેઠકમાં તેઓએ સામાજિક કાર્યના સંબંધમાં મીડિયાની ભુમિકા વિશે ચર્ચા કરી હતી. ત્યારબાદ ગીર ફાઉન્ડેશનની મુલાકાત યોજાઈ હતી.

# માત્ર નિયમિત નાટકો નહીં, સારાં નાટકો પણ ગાંધીનગરમાં થાય એ હવે આપણો પ્રયત્ન રહેશે !'

## વાત ગાંધીનગરના સિનીયર અદાકાર, લેખક, નિર્માતા અને નિર્દેશક અખ્તર સૈયદની પ્રેરણાયાત્રાની

સંબંધ સજાવે જિંદગી

**હરતાં-ફરતાં સાવ અચાનક**

- કુંતલ નિમાવત
gsrelation@yahoo.com

'અચ્છા, તો તમારું નામ કુંતલ છે ! મેં બહુ સાંભળ્યું છે તમારું નામ.'

'જી, મારું નામ એટલું મોટું નથી, આપનું નામ મોટું છે. એ નામ મેં સાંભળ્યું છે ને આપનાં નાટકો પણ જોયાં છે, મને ગમ્યાં છે. ઈનફેક્ટ હું તો પ્રશંસક છું આપનો.'

'અને હું તમારો.'

'જી !'

'હા. તમે ગાંધીનગરમાં બાળકો અને યંગ લોકોને લઈને નાટ્યની જે નિયમિત પ્રવૃત્તિઓ કરો છો એના વિશે હું જાણું છું ને એટલે જ હું પણ તમારો પ્રશંસક છું.'

'જી, એ ઉદારતા છે આપની. બાકી હું કોઈ એવી મોટી પ્રવૃત્તિ કરતો નથી.'

'અને તોય તમારા સિવાય એ નિયમિત કોઈ કરતું નથી.'

'એ કદાચ હોઈ શકે છે. પણ એ માટેનાંય કારણો હોઈ શકે છે.'

'કારણો ગમે તે હોય. તમે નિયમિત પ્રવૃત્તિ કરો છો એ તો હકીકત છે.'

'જી.'

'મારી સાથે કામ કરશો નાટકોમાં ?'

'ખુશીથી. ઈનફેક્ટ હું જ આપને એ પૂછવા મથી રહ્યો હતો. ઈટ વીલ બી માય પ્લેઝર.'

'માઈન ટુ.'

સાત વર્ષ પહેલાં આ સંવાદ - ગાંધીનગરના સિનીયર અદાકાર, લેખક, નિર્માતા, નિર્દેશક અખ્તર સૈયદ અને મારી વચ્ચે યોજાયો. એ પછી અમે બહુ ઓછું મળ્યા. પણ જયારેય મળ્યા ત્યારે અત્યંત સ્નેહથી મળ્યા, બંનેએ અનુભવ્યું કે બંને વચ્ચે કુદરતી રીતે જ સ્નેહનો નાતો સ્થપાઈ ચૂક્યો હતો. બંને મળીએ ત્યારે પેલી ભેગા નાટક કરવાની વાત તો થાય જ. પણ કંઈ ઉગે નહીં.

એ ઉગ્યું આ વર્ષની શરૂઆતમાં. ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી આયોજિત ત્રિઅંકી નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા માટે એમણે ફોર્મ ભર્યું હતું. એ નાટક માટે એમણે પોતાના વચન મુજબ મને યાદ કર્યો, મારી ટીમને યાદ કરી. અમે જોડાયા એમની સાથે.

તૈયારી માટે સમય ઓછો હતો. તેમ છતાં સૌએ મહેનત કરી. મેં જે પ્રમાણે એમનું નામ સાંભળ્યું હતું એ પ્રમાણે જ એમની કાર્ય કરવાની શૈલી હતી અને પરિણામ લાવી આપવાની કટિબદ્ધતા હતી. એ કારણે વિભાગીય સ્પર્ધામાં આ નાટ્ય 'તેજ લિસોટો'ને ત્રીજા ક્રમનું ઈનામ મળ્યું ને મને તથા કવિતા દહિયાને શ્રેષ્ઠ અભિનય માટે પારિતોષિક. જાણવા જેવી વાત એ છે કે કર્મ કરીને ફળની ચિંતા ન રાખવાની નિર્લેપતા અહીં અખ્તર સૈયદે દેખાડી હતી. ઈનામ વિતરણ સમારોહમાં એ ઉપસ્થિત નહોતા રહ્યા, ત્યાં પણ અમે જ હાજર હતા.

બીજે દિવસે મેં એમને પૂછ્યું કે ગઈકાલે શું કરી રહ્યા હતા ? તો બહુ સરળતાથી એમણે જવાબ આપ્યો, નવા નાટકની તૈયારી. મને માન થયું. મેં નાટકની સફળતા માટે અભિનંદન આપ્યા તો એમણે કહ્યું, 'ઈનામ ને એવોર્ડ્સ હું ઘણાં લઈ ચૂક્યો છું. પણ હવે મારી દોડ ઈનામ માટેની નથી. મને ચિંતા એ છે આ શહેરમાં આપણા પછી નાટકની પ્રવૃત્તિ થાય એની. આપણી સાથે આજે જોડાયેલા નવા કલાકારો કે આપણા પ્રયત્નોને જાણતા, જોતા નવા લોકો આ પ્રવૃત્તિ ચાલુ રાખે એ જ આપણો આશય.'

અહીં આ આખીય વાતનો હેતુ એટલો જ કે એમના એ નિષ્ઠ પ્રયત્નોને ફળ મળ્યું છે. એમની સાથે આ નાટકમાં કામ કરી ચૂકેલા યુવા અભિનેતા જિમેશ પટેલે અમારા સહિત અન્ય ગૃપ્સ સાથે અને સ્વતંત્ર રીતે પણ પોતાની અભિનય યાત્રા સડસડાટ દોડાવી છે, પ્રવીણદાન ગઢવી ને તુષાર દવે જેવા યુવા કલાકારોએ પ્રતિભાશાળી દિગ્દર્શકની સ્કીમમાં બે અલગ અલગ નાટકોના પાંચ-પાંચ પ્રયોગ કર્યા છે, દિવ્યકાન્ત વર્મા અભિનય ઉપરાંત સ્વતંત્ર રીતે દિગ્દર્શન કરતા થયા છે.

અને હા, અખ્તર સૈયદની પ્રવૃત્તિ માટેનો આશય ફળવાની સૌથી મોટી નિશાની - આ વખતે સંગીત નાટક અકાદમી આયોજિત નાટ્ય સ્પર્ધામાં ગાંધીનગરનાં પાંચ નાટકો ભાગ લઈ રહ્યાં છે, મતલબ કે ત્રણ ગૃપ આ સ્પર્ધામાં ભાગ લેશે, બે સ્પર્ધામાં - એકાંકી નાટ્ય પ્રયોગ ને ત્રિઅંકી નાટ્ય પ્રયોગ.

અખ્તર સૈયદને આ સંદેશ આપ્યો ત્યારે એમણે જે પ્રતિભાવ આપ્યો એ પ્રેરણાદાયી છે, 'મને ખુશી છે કે આપણા પ્રયત્નો ફળતા દેખાઈ રહ્યા છે. પણ એનાથી આપણું કામ પુરું નથી થતું. હવે તો આપણી જવાબદારી વધી છે. માત્ર નિયમિત નાટકો નહીં, સારાં નાટકો પણ ગાંધીનગરમાં થાય એ હવે આપણો પ્રયત્ન રહેશે !'